
## જન્મદિને વધામણી



અશ્વિન પી દેસાઈ
મો. ૯૧૭૩૬ ૩૦૩૭૨



જતિનભાઈ જગદીશચંદ્ર દવે
મો. ૯૯૨૪૩ ૪૩૬૮૯



વૈભવ ચિરાગભાઈ વ્યાસ
મો. ૯૯૦૯૮ ૩૫૬૬૩



ધૈર્ય દિવ્યાંગકુમાર મહેતા
ફોન : ૨૩૨૪૯૮૮૩



ધ્રુવાંશી દિવ્યાંગકુમાર મહેતા
ફોન : ૨૩૨૪૯૮૮૩



માન્ય પરેશકુમાર રામજીયાણી
મો. ૯૮૨૫૦ ૮૭૭૫૬



મિશતુ અલ્પેશકુમાર પરમાર
મો. ૭૬૦૦૦ ૪૬૬૭૭

### શહેરના જાણીતા નાટ્ય કલાકાર કુંતલ નિમાવત લિખિત

# ગાંધીનગરનાં બે નાટકો શુક્રવારે મુંબઈમાં ભજવાશે







ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરના નાટ્યકાર કુંતલ નિમાવત સર્જિત બે નાટકો શુક્રવારે મુંબઈ ખાતે ભજવાશે. ઉલ્લેખનીય છે કે બંને નાટકોનું દિગ્દર્શન મહિલા દિગ્દર્શકો દ્વારા કરવામાં આવ્યું છે.

'યુથ કલ્ચરલ ઍસોસિએશન' દ્વારા આયોજિત ગુજરાતી નાટકો માટેની સુવિખ્યાત એકાંકી નાટ્યસ્પર્ધા 'ભવાઈ'નો આરંભ તા. ૨૬ મે, ગુરુવારથી પ્રબોધન ઠાકરે મિની ઑડિટોરિયમ, બોરીવલી વેસ્ટ, મુંબઈ ખાતે થઈ રહ્યો છે. આ સ્પર્ધામાં ગાંધીનગરનાં બંને નાટકો શુક્રવાર, તા. ૨૭ના રોજ ભજવાશે.

શુક્રવારે સવારે ૧૧ કલાકે ધ ગ્રેટ ઍન્ટરટેઈનર્સ ક્લબ (જી ઈ ક્લબ)ના બૅનર તળે નાટક 'અંતરે અનંત એકાંત' ભજવાશે, જેનું દિગ્દર્શન દિપલ પરમારે સંભાળ્યું છે ને તેઓ આ નાટકમાં પોતાનો અભિનય પણ આપી રહ્યાં છે. દિપલ ઉપરાંત દિવ્યકાન્ત વર્મા અને ખુદ કુંતલ નિમાવત આ નાટકમાં પોતાનો અભિનય આપી રહ્યા છે.

ગાંધીનગરનું બીજું નાટક બપોરે ૧૨ કલાકે 'પંચમ થિયેટર્સ'ના બૅનર તળે આ સ્પર્ધામાં ભજવાશે, જેનું શીર્ષક છે 'એક ગરવો માણસ'. કુંતલ નિમાવતનાં ધર્મપત્ની પ્રતિક્ષા નિમાવતે આ નાટકનું દિગ્દર્શન સંભાળ્યું છે.

આ નાટકની વિશેષતા એ છે કે તેમાં એકપણ પુરુષ પાત્ર નથી. ત્રણ મહિલાઓ અને એક કિશોરીના માધ્યમથી જ આખું નાટક ભજવાય છે. આ નાટકમાં પ્રતિક્ષા નિમાવત ઉપરાંત રિયા નિમાવત, કરિશ્મા પાટડીયા અને હાર્દિકા શુક્લ અભિનયનાં અજવાળાં પાથરી રહ્યાં છે. ઉલ્લેખનીય છે કે ગાંધીનગર ખાતે આ નાટકના બે શો ગત ફેબ્રુઆરી માસમાં યોજાઈ ચૂક્યા છે. બંને નાટકો માટે સંગીત દિવ્યકાન્ત વર્માએ તૈયાર કર્યું છે, સંગીત સંચાલન ફાલ્ગુન નંદા કરી રહ્યા છે, લાઈટ સંચાલન મયુર ભાટિયા કરી રહ્યા છે તથા નેપથ્યની જવાબદારી પર્વ નિમાવત, ઋષભ બુચ અને જયશ્રીબેન નંદા અદા કરી રહ્યાં છે. સંપૂર્ણપણે ગાંધીનગરનાં સર્જન એવાં આ બંને નાટકોના સઘળા કલાકારોને નાટ્યપ્રેમી નગરજનો તરફથી શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૩**
ઍક્સ મૅન (ડબ હિન્દી)
૩.૪૫, ૯.૪૫
ઍક્સ મૅન (ડબ અંગ્રેજી)
૧૨.૪૫, ૬.૪૫

**સ્ક્રીન-૪**
અઝહર
૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૫**
સરબજીત
સવારે ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

## સંવેદના વિભાગ

'મારા ગુરુ ગૌરવશાળી' વિષયે લખાણ માટે આગામી રવિવાર છેલ્લો છે. જે વાચકોએ હજુ સુધી પોતાના અનુભવો ન મોકલાવ્યા હોય તેઓ શનિવાર સાંજ સુધી મોકલાવી શકે છે.

- સંપાદક

# પેથાપુર સ્વામિનારાયણ મંદિરનો ૧૨મો વાર્ષિક પાટોત્સવ સંપન્ન





ગાંધીનગર, તા. ૨૫

ભગવાનને રાજી કરવા માટે ખરા મનથી આરાધના કરવી જોઈએ. સો માળા કરો તે સારી વાત છે પરંતુ એક માળા પણ ભગવાનને સાચા હૃદયથી કરીશું તો શ્રીજી મહારાજ સાચે જ રાજી થશે, તેમ નરનારાયણદેવ કાલુપુર ગાદીપતિ ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજે જણાવ્યું છે.

ગાંધીનગર જિલ્લાના પેથાપુર ખાતે ભગવાન સ્વામિનારાયણે જાતે સ્થાપન કરેલ ઘનશ્યામ મહારાજ - રાધાકૃષ્ણદેવ મંદિરના ૧૨મા વાર્ષિક પાટોત્સવ પ્રસંગે ઘનશ્યામ મહારાજના અભિષેક કર્યાબાદ યોજાયેલ સત્સંગ સભામાં શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજે જણાવ્યું હતું કે, નરનારાયણદેવ અમદાવાદના આચાર્ય મહારાજ ૧૦૦૮ શ્રી કૌશલેન્દ્ર પ્રસાદજી મહારાજના આશીર્વાદ અને મોટા મહારાજ શ્રી તેજેન્દ્રપ્રસાદજીના માર્ગદર્શન હેઠળ સ્વામિનારાયણ સંપ્રદાયને મજબૂત કરવા માટે પ્રયાસો થઈ રહ્યા છે ત્યારે સૌ હરિભક્તોએ નરનારાયણ દેવનો પક્ષ કાયમ માટે રાખવો મૂળ છોડવું નહીં. આ સત્સંગ સભામાં કાલુપુર, જેતલપુર, કાંકરિયા, છપૈયાધામ, બાવળા, ધ્રાંગધ્રા, નારણઘાટ મંદિરના મહંતશ્રીઓ ઉપસ્થિત રહી પ્રાસંગિક પ્રવચનમાં સૌ હરિભક્તોને ભગવાનનું ભજન કરવા તથા સત્સંગને મજબૂત કરવા માટે આશીવચન આપ્યા હતા.

પેથાપુર સ્વામિનારાયણ મંદિરના મહંત સદગુરુ શાસ્ત્રી સ્વામી ધર્મપ્રવર્તકદાસજી (ગુરુસ્વામી)એ સ્વાગત પ્રવચન કરતાં જણાવ્યું હતું કે, સૌ સત્સંગીઓએ ભગવાનનો સત્સંગ - પૂજા વધારવી એ આપણા સૌની ફરજ છે. તેમણે ૧૨મા પાટોત્સવ દરમિયાન યોજાયેલ વિવિધ કાર્યક્રમોની રૂપરેખા પણ આપી હતી. આ ત્રિદીવસીય પાટોત્સવમાં રોજ રાત્રે રાત્રી પારાયણ તથા બાલવા, ધમાસણા અને મણીનગરના સત્સંગ મંડળ દ્વારા કિર્તન ભક્તિના કાર્યક્રમો યોજાયા હતા. આ પાટોત્સવમાં અભિષેકના યજમાન, અન્નકુટના યજમાન તથા અન્ય ક્ષેત્રે સેવાઓ આપનાર સત્સંગી દાતાશ્રીઓઓને વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજે પુષ્પગુચ્છ તથા શિક્ષા પત્રી આપી સન્માન પણ કર્યુ હતું.

### જી ઈ ક્લબ સંચાલિત બ્લ્યૂ બબલ્સ ઍકેડેમીના

# યુવાઓ દ્વારા મનાલીમાં શક્તિ-સંવેદનાનું પ્રદર્શન





ગાંધીનગર,

ધ ગ્રેટ ઍન્ટરટેઈનર્સ ક્લબ (જી ઈ ક્લબ) સંચાલિત બ્લ્યૂ બબલ્સ ઍકેડેમીના યુવાઓએ મનાલી ખાતે સૌથી લાંબા ટ્રેકિંગનો રેકોર્ડ પ્રસ્થાપિત કર્યો છે.

ઍકેડેમીના સંચાલક કશ્યપ નિમાવતના નેતૃત્વમાં ગાંધીનગર શહેરના યુવા સાગર દેસાઈ, હેતલ રાવલ, ધૃવિ વખારીયા, દૃષ્ટિ ખત્રી, મોનાલી શર્મા, રશ્મિ પરમાર, હેત, ખુશાલ, ગ્રીવા, નિવિદ દેસાઈ, જિગર, પવન, હિમાની, ખેવના, વિધિ, વાણી, વૈશાખી, ઉત્સવી, નિસર્ગીએ ટ્રૅક ઈન્ડિયાના કૅમ્પ ડિરેક્ટર રાજીવ શર્મા, નરેશ શર્મા અને ચંદન શર્માના માર્ગદર્શન હેઠળ ૧૧,૮૦૦ ફૂટ જેટલું ટ્રેકિંગ કરીને આ રૅકોર્ડ પ્રસ્થાપિત કર્યો છે. આ ટ્રેકિંગનો પ્રારંભ તેમણે નગર ગામથી કર્યો હતો, ૧૯થી ૨૩ મે દરમ્યાન તેમણે આ સમગ્ર ટ્રેકિંગ પૂર્ણ કર્યું હતું.

આ ઉપરાંત આ સક્રિય યુવાઓએ નગર ગામમાં સફાઈ અભિયાન પણ હાથ ધરીને સ્થાનિકોની ભરપૂર પ્રશસ્તિ પણ પ્રાપ્ત કરી છે. પોતાની સામાજિક જવાબદારીના ભાગરૂપે આ યુવાઓએ નગરની સફાઈ કરી હતી અને સ્થાનિક લોકોને સફાઈ-સ્વચ્છતા જાળવવા અંગે સંદેશ આપ્યો હતો.

સૌથી સંવેદનશીલ કામ આ યુવાઓએ કર્યું હોય તો તે એ કે તેમણે પોતાનાં ટ્રેકિંગના સર્ટિફિકેટ નાનો હોદ્દો ધરાવતા માણસોના હાથે સ્વીકાર્યા હતા. કેમ્પમાં સેવારત સફાઈ કર્મચારી, પટાવાળા વગેરેના હાથે યુવાઓએ પોતાનાં પ્રમાણપત્રો સ્વીકારતાં આ સઘળા કર્મચારીઓ ભાવવિભોર બની ગયા હતા.

ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જ ગાંધીનગર ટાઉનહૉલ ખાતે જી ઈ ક્લબ દ્વારા જિલ્લાના પોલીસ કર્મચારીઓ અને તેમના પરિવારજનો માટે આયોજિત ઐતિહાસિક કાર્યક્રમ 'સલામ-૨૦૧૬'માં પણ આ જ યુવાનોએ કલાનાં જૌહર પાથરી વાહવાહી પ્રાપ્ત કરી હતી ને હવે રાજ્યથી દૂર મનાલી ખાતે પણ શક્તિ અને સંવેદનાનું પ્રદર્શન કરી પોતાના યુવાપણાનો સકારાત્મક પરચો સમાજને આપ્યો છે.

### ગાંધીનગર જિલ્લા ચેસ એસોસિએશન દ્વારા

# ઈશાન દવે મેમોરીયલ ચેસ ટુર્નામેન્ટનું આયોજન


ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લા ચેસ એસોસીએશન દ્વારા ઈશાન સુભાષભાઈ દવે મેમોરીયલ ચેસ ટૂર્નામેન્ટ ઓપન તથા અન્ડર ૯, ૧૩ અને ૧૬ ખેલાડીઓ માટે તા. ૫-૬-૨૦૧૬ના રોજ જુના સચિવાલય, કેન્ટીન, ગાંધીનગર ખાતે યોજવામાં આવનાર છે. રસ ધરાવતા ખેલાડીઓને પ્રવેશ મેળવવા માટે નિયત પ્રવેશ ફોર્મ www.gica2010.wordpress.com ઉપરથી ડાઉનલોડ કરી તા. ૪-૬-૨૦૧૬ સાંજ સુધીમાં એન્ટ્રી રજીસ્ટર્ડ કરાવી લેવી. આ અંગે વધુ જાણકારી માટે એન.જે. સાતુનિયા મો. ૯૮૭૯૮૧૫૨૦૪ નો સંપર્ક સાધવા વિનંતી છે.

ઓપન કેટેગરીના ખેલાડીઓએ સવારના ૮.૩૦ કલાકે ટૂર્નામેન્ટ સ્થળે હાજર થવાનું રહેશે. ટૂર્નામેન્ટના રાઉન્ડનો સમય બંને ખેલાડીઓને અડધો-અડધો કલાક (રેપીડ ટૂર્નામેન્ટ) આપવામાં આવશે. જેમાં ચેમ્પીયન ખેલાડીને રૂ. ૨,૫૦૦, રનર્સ અપને રૂ. ૧,૫૦૦, ત્રીજા નંબરને રૂ. ૧૦૦૦, ચોથા નંબરને રૂ. ૮૦૦ ને પાંચમા છઠ્ઠા અને સાતમાં નંબરને રૂ. ૬૦૦ જ્યારે આઠમા, નવમા અને દસમા નંબરને રૂ. ૪૦૦ રોકડ ઈનામો આપવામાં આવશે. જ્યારે અન્ડર-૯, અન્ડર-૧૩ અને અન્ડર-૧૬ કેટેગરીના ખેલાડીઓએ સવારના ૧૦ કલાકે ટૂર્નામેન્ટ સ્થળે હાજર થવાનું રહેશે. ત્રણેય ગૃપમાં ૧ થી ૫ નંબરે આવનાર ખેલાડીઓને ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવશે.

એન્ટ્રી ફી ઓપન કેટેગરી રૂ. ૨૦૦, અન્ડર-૯, ૧૩, ૧૬ માટે રૂ. ૧૫૦ રહેશે. તમામ ખેલાડીઓને બપોરનું ભોજન તથા ચા-કોફી આપવામાં આવશે.

# ગુજરાતી વાચનરસિકો માટે મીઠાં 'ચીઝ ઢેબરાં'






**પુસ્તક પરિચય**
કુંતલ નિમાવત

'અમે નાગર છીએ. નાગરનાં ત્રણ લક્ષણ પ્રખ્યાત છે : પાન, પાટિયું અને પંચાત. અમારા માટે આ સાર્થક છે. પાન (તમાકુ વગરનાં) અમને ખાવાં ગમે છે. પાટિયું આમ તો હીંચકા માટે કહેવાયું છે પણ અમે શિક્ષણમાં છીએ એ રીતે પાટિયું અમારી જિંદગીમાં વણાયેલું છે અને અમારા લેખોમાં બીજાની જિંદગી હોય કે 'મુનસીટાપલી' વિષે હોય, પંચાત ભારોભાર છે, જેનો અમે નમ્રતાપૂર્વક સ્વીકાર કરીએ છીએ. ટૂંકમાં, 'પાન, પાટિયું અને પંચાત' થકી અમારી યાત્રા આજે 'પુસ્તક' સુધી પહોંચી છે.'

આ શબ્દો અધીર અમદાવાદી લિખિત પુસ્તક 'ચીઝ ઢેબરાં'માંથી લેવાયા છે. પુસ્તકની પ્રસ્તાવનામાં લેખકે લખ્યું છે, 'આ પુસ્તક લખવા માટે જેટલી મહેનત નહીં પડી હોય એટલી પુસ્તકનું નામ શોધવામાં પડી છે.... છેવટે પસંદગીનો કળશ અમે ચીઝ ઢેબરાં પર ઢોળ્યો. આ નામ ગુજરાતીઓની ખાસિયત દર્શાવે છે. ગુજરાતીઓ પોતાનું ગુજરાતીપણું છોડ્યા વગર સરળતાથી અન્ય પ્રદેશની ખાસિયતો અપનાવી શકે છે. અમારા લેખોમાં ગુજરાતી કેન્દ્રસ્થાને છે, એટલે આ શીર્ષક યથાર્થ છે. આ નામ રાખવા પાછળ એક આશા એ પણ છે કે જેમ ઢેબરાં દરેક ઘરમાં ખવાય છે, એમ આ પુસ્તક પણ દરેક ઘર સુધી પહોંચે.'

નવસર્જન પબ્લિકેશન દ્વારા પ્રકાશિત આ પુસ્તકમાં ૧૫૬ પાનાંમાં ૪૮ જેટલા હાસ્યલેખોનો સંગ્રહ છે. નવગુજરાત સમયના તંત્રી અજય ઉમટ જેના વિશે લખે છે, 'અધીરે રોજિંદા જીવનમાંથી જ પ્રસંગો, પાત્રો અને પરિસ્થિતિઓ પસંદ કરી તેમાંથી હાસ્ય સર્જ્યું છે.'

દિવ્ય ભાસ્કરના મૅગેઝિન ઍડિટર કૃષ્ણકાન્ત ઉનડકટે પુસ્તક વિશે વાત કરતાં લખ્યું છે, 'નવી શૈલી અને નિરાળી શબ્દરચના સાથે અધીરે કાઠું કાઢ્યું છે. ચીઝ ઢેબરાં બધાને મીઠાં લાગે તેવાં છે.'

વિવિધ અખબારોમાં પાંચસો જેટલા આર્ટિકલ લખ્યા પછી આ પુસ્તકનું સર્જન અધીર અમદાવાદીએ કર્યું છે મતલબ કે પુસ્તક પહેલાં જ તેમના લેખો અને તેમની હાસ્યશૈલી પણ વખણાઈ ચૂકી હતી.

મારા મતે અધીર અમદાવાદીનું લખાણ વખણાવાનું કારણ એમની સરળતા જ છે. ભારેખમ શબ્દોની પળોજણમાં પડ્યા વિના એમણે બોલાતા ને પરિચિત શબ્દોનો જ ઉપયોગ કરીને લખ્યું છે. આ પુસ્તકનાં પ્રકરણોનાં નામ પણ એવાં જ સરળ છે, જેમકે - 'અમદાવાદનો રિક્ષાવાળો, શાહી વેડિંગ ગાઉન, કમરાભાભીનો બરાપો, ભૂલો ભલે બીજું બધું, જવાબ વગરના પ્રશ્નો, ક્રિષ્નાને કાગળ.'

એમનાં લખાણોમાં હાસ્યરસ ભલે સામાન્ય હોય પણ વિષયો અલગ-અલગ જોવા મળે છે એય એમની સફળતાનું રહસ્ય છે. એમનાં લખાણોમાં 'બાથરૂમ સિંગિંગ'થી માંડીને 'પિયરગત પત્નીને પત્ર', 'દ્રોણની સ્કૂલમાં થિયરીની ટેસ્ટ જ નહોતી', 'ઉંદર, ઉંદરડો અને ઉંદરડી', 'વસંતપંચમીના મુહૂર્તનું આંકડાશાસ્ત્ર', 'ચુંબનસંહિતા' તથા 'હાઈડ્રોજન, મૂર્ખતા અને કૂતરાં' પણ જોવા મળે છે. શબ્દોની ગોઠવણી પણ એમ કરી છે કે શીર્ષક વાંચીને જ લેખ વાંચવા માટે વાચક પ્રેરાય. નવો પ્રયોગ કરવાની એમની તૈયારી આવી શબ્દ-ગોઠવણથી સ્પષ્ટ જોઈ શકાય છે ને એ જ વાચકોને રસ સાથે રમૂજ પણ પમાડે છે. આ તૈયારી વખાણવાલાયક પણ છે.

લેખોનાં જેવાં શીર્ષક છે એ મુજબની એક નાનકડી વાર્તા કે ઉદાહરણ એમાં મૂકાયું છે, હાસ્યની નીપજ તો છે જ પરંતુ ફિલોસૉફી પણ એમાં કાબિલે તારિફ છે. જેમકે, 'કમ્પ્યુટર અને મોબાઈલ ફોન અપગ્રેડ થાય તો નવાં વધારે સારાં વર્ઝન આવે છે પણ આવું માણસજાત માટે કહી શકાય એમ નથી...'

સરળ, પ્રવાહી ભાષામાં લખવાની ને કોઈપણ વાત માટે પોતાનો હાસ્યદૃષ્ટિનો મત બેધડકપણે વ્યક્ત કરવાની અધિર અમદાવાદીની આવડત એમનાં લખાણોને વાચનક્ષમ બનાવે છે એવું મારું માનવું છે.

આ પુસ્તકમાં આવાં તો ઘણાં માણી શકાય એવાં લખાણો છે, જે વાંચ્યા પછી નવા યુગનું, નવી શૈલીનું હાસ્યલખાણ વાંચ્યાનો સંતોષ મળે છે. અધીર અમદાવાદી ને એમની ખ્યાત

પ્રાપ્તિસ્થાન : નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ
કિંમત : રૂા. ૧૭૫.૦૦